## સુરત મહાનગરપાલિકા
## (Visit us at www.suratmunicipal.gov.in)
## જા હે રા ત

સુરત મહાનગરપાલિકાની નીચે જણાવેલ જગ્યા માટે પ્રતિક્ષાયાદી બનાવવાના હેતુસર નિયત લાયકાત, અનુભવ ધરાવનાર ઉમેદવારો પાસે નિયત ફોર્મમાં અરજીઓ મંગાવવામાં આવે છે.

| અ.નં. | જગ્યાનું નામ | અનુ.જાતિ | | અનુ.જનજાતિ | | સા.શૈ.પ.વ. | | શા.ખો.ખા. | | સામાન્ય વર્ગ | | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | |
| ૧. | ( ૪૨૫ )મેડીકલ રેકર્ડ ઓફીસર | – | – | – | – | – | – | – | – | ૧ | – | ૦૧ |
| ૨. | (૭૧૩) ટેલીફોન ઓપરેટર | ૦૧ | – | ૦૨ | ૦૧ | ૦૪ | ૦૧ | – | – | ૩ | – | ૧૨ |

ઉપરોકત વર્ગ–૩ ની જગ્યા માટેના અરજીનાં નિયત ફોર્મ સુરત મહાનગરપાલિકાનાં રેકર્ડ વિભાગ, નાનપુરા માર્કેટ, ભંડારીવાડ, સુરત તેમજ તમામ સીટી સીવીક સેન્ટરો ઉપરથી રજાનાં દિવસો સિવાય સવારનાં ૧૦–૩૦ થી બપોરે ૨–૩૦ તથા બપોરે ૩–૦૦ થી ૪–૩૦ વાગ્યા સુધીમાં રૂા.૨૫/– ની કિંમતે મળશે. ટપાલ મારફત અરજીફોર્મ મંગાવનારે આખરી મુદતના ઓફીસ કામકાજના ૬ દિવસ પહેલા પહોંચે તે રીતે "કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા" નાં નામનો રૂા.૨૫/– નો ક્રોસ્ડ ભારતીય પોસ્ટલ ઓર્ડર ૨૩ સે.મી. × ૧૦ સે.મી. ની સાઈઝનાં પોતાનાં સરનામાવાળા રૂા.૫/– ની ટપાલ ટીકીટ ચોંટાડેલ કવર સાથે રેકર્ડ વિભાગ, નાનપુરા માર્કેટ, ભંડારીવાડ, સુરતને મોકલવાનો રહેશે. પોસ્ટલ ઓર્ડર સિવાય તેમજ મુદત વિત્યા બાદ ટપાલથી અરજી ફોર્મ મંગાવવાની માંગણી ઉપર ધ્યાન આપવામાં આવશે નહીં. સુરત મહાનગરપાલિકા તરફથી પોસ્ટ કરવામાં આવેલ અરજીફોર્મ ટપાલથી અરજીફોર્મ મંગાવનારને નિયત સમયમાં ન મળે તો તે અંગેની જવાબદારી સુરત મહાનગરપાલિકાની રહેશે નહીં.

ઉકત વર્ગ–૩ ની જગ્યા માટેની વિગતવાર માહિતી મહાનગરપાલિકાની મુખ્ય કચેરી, મુગલીસરા, સુરતના નોટીસ બોર્ડ પરથી તેમજ www.suratmunicipal.gov.in. વેબસાઈટ પરથી જાહેરાત પ્રસિધ્ધ થયાના ત્રણ દિવસ બાદ મળી શકશે. વધુ વિગત માટે મધ્યસ્થ મહેકમ (રીક્રૂટમેન્ટ) વિભાગનો ફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૧–૫૬ એકસ–૨૬૦ અથવા ૨૩૧ ઉપર સંપર્ક કરવો. અરજી મોકલવાની છેલ્લી તા.૦૧/૦૨/૨૦૧૮ છે.

**નોંધઃ–(૧)** આ વર્ગ–૩ ની જગ્યાઓ માટેના વિના મૂલ્યે નિયત નમુનાના અરજી ફોર્મ સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in > Downloads > Forms પર ઉપલબ્ધ છે, ત્યાંથી ડાઉનલોડ કરી ફોર્મની સંપુર્ણ વિગતો ભરી જરૂરી પૂરાવા સામેલ કરી અરજી કરી શકાશે.

| | |
|---|---|
| સૂચના | ઉમેદવારે અરજી ફોર્મમાં જણાવેલ સૂચના ધ્યાને લઈને જ અરજી ફોર્મ ભરવાનું રહેશે, અધૂરી માહિતીવાળુ તેમજ છેકછાકવાળુ ફોર્મ રદ થવાને પાત્ર રહેશે. ઉમેદવાર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખે નિયત શૈક્ષણિક લાયકાત/અનુભવ/વય ધરાવતા હોવા જોઈએ. ઉમેદવારે અરજી ફોર્મ જમા કરાવ્યા બાદ પાછળથી કોઈપણ જાતના પ્રમાણપત્ર, પુરાવાઓ રજુ કરી શકશે નહીં. જો તેમ કરવામાં આવશે તો તે ગ્રાહય રાખવામાં આવશે નહીં અને અરજી રદ થવાને પાત્ર રહેશે. |

અરજી મોકલવાનું સરનામુ : –**ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી,(મધ્યસ્થ કચેરી)ની ઓફિસ, રૂમ નં. ૭૫, પહેલા માળે, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત.**

સહી/– એમ.થેન્નારસન
**મ્યુનિ. કમિશ્નર,**
**સુરત મહાનગરપાલિકા.**

નં.પીઆર.ઓ./૬૦૧/૨૦૧૭–૨૦૧૮
તા.૦૯ /૦૧/૨૦૧૮ .

## સુરત મહાનગરપાલિકા
(Visit us at www.suratmunicipal.gov.in)

## જા હે રા ત

સુરત મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ ખાલી રહેલ જગ્યાઓ માટે તા.૦૧/૦૨/૨૦૧૮ સુધીમાં પહોંચે તે રીતે નિયત લાયકાત ધરાવનાર ઉમેદવારો પાસે નિયત ફોર્મમાં અરજીઓ પ્રતિક્ષાયાદી બનાવવાનાં હેતુસર મંગાવવામાં આવે છે.

| (૧) | (૪૨૫) મેડીકલ રેકર્ડ ઓફીસર સંખ્યાઃ–૧ | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અનુ.જાતિ | | અનુ.જનજાતિ | | સા.શૈ.પ.વ. | | શા.ખો.ખા. | | સામાન્ય વર્ગ | |
| સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા |
| – | – | – | – | – | – | – | – | ૧ | – |

| | |
|---|---|
| લાયકાત | કોઈપણ વિદ્યાશાખાના સ્નાતક અને મેડીકલ રેકર્ડની ટેકનીકની ડીપ્લોમાં / પદવી ધરાવતા તથા મેડીકલ સેકશનની કામગીરીના જાણકાર |
| વયમર્યાદા | ૧૮ વર્ષથી ઓછી નહી અને ૩૫ વર્ષથી વધુ નહીં. સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓને આ વયમર્યાદાના નિયમો લાગુ પડશે નહીં. |
| પગારધોરણ | સામાન્ય સભાના ઠરાવ નં.૫૮૯/૨૦૧૨ તા.૩૦–૪–૨૦૧૨ માં જણાવેલ શરતોને આધિન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેકટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે અને તાલીમ દરમ્યાન સા.સ.ઠ.નં.૧૮૮/૨૦૧૭ તા.૩૦/૦૪/૧૭ અનુસાર પ્રથમ વર્ષે રૂા.૯૫૦૦/– દ્રિતીય વર્ષે રૂા.૧૦૫૦૦/– તથા તૃતીય વર્ષ માટે રૂા. ૧૧૫૦૦/– પ્રતિ માસ ફીકસ તાલીમ ભથ્થુ. ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પુર્ણ કર્યેથી પગારધોરણ રૂા.૫૦૦૦–૮૦૦૦, (પે બેન્ડ ૯૩૦૦–૩૪૮૦૦/–, ગ્રેડ પે ૪૨૦૦/– , (પે મેટ્રીકસ ૩૫૪૦૦–૧૧૨૪૦૦) થી નિયમોનુસાર અજમાયશી ધોરણે નિમણુંક આપવામાં આવશે. |

| (૨) | (૭૧૩) ટેલીફોન ઓપરેટર સંખ્યાઃ–૧૨ | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અનુ.જાતિ | | અનુ.જનજાતિ | | સા.શૈ.પ.વ. | | શા.ખો.ખા. | | સામાન્ય વર્ગ | |
| સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા |
| ૦૧ | – | ૦૨ | ૦૧ | ૦૪ | ૦૧ | – | – | ૩ | – |

| | |
|---|---|
| લાયકાત | કોઈપણ વિદ્યાશાખાના સ્નાતક, મોટી કેપેસીટીવાળા ૨૦ લાઈનના પી.બી.એકસ બોર્ડના સંચાલનનો ઓછામાં આછો બે વર્ષનો અનુભવ. |
| વયમર્યાદા | ૧૮ વર્ષથી ઓછી નહી અને ૩૫ વર્ષથી વધુ નહીં. સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓને આ વયમર્યાદાના નિયમો લાગુ પડશે નહીં. |
| પગારધોરણ | સામાન્ય સભાના ઠરાવ નં.૫૮૯/૨૦૧૨ તા.૩૦–૪–૨૦૧૨ માં જણાવેલ શરતોને આધિન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેકટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે અને તાલીમ દરમ્યાન સા.સ.ઠ.નં.૧૮૮/૨૦૧૭ તા.૩૦/૦૪/૧૭ અનુસાર પ્રથમ વર્ષે રૂા.૮૦૦૦/– દ્રિતીય વર્ષે રૂા.૯૦૦૦/– તથા તૃતીય વર્ષ માટે રૂા. ૧૦૦૦૦/– પ્રતિ માસ ફીકસ તાલીમ ભથ્થુ. ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પુર્ણ કર્યેથી પગારધોરણ રૂા.૩૦૫૦–૪૫૯૦, (પે બેન્ડ ૫૨૦૦–૨૦૨૦૦/–, ગ્રેડ પે ૧૯૦૦/– , (પે મેટ્રીકસ ૧૯૯૦૦–૬૩૨૦૦) થી નિયમોનુસાર અજમાયશી ધોરણે નિમણુંક આપવામાં આવશે. |

| | |
|---|---|
| સૂચના | ઉમેદવારે અરજી ફોર્મમાં જણાવેલ સૂચના ધ્યાને લઈને જ અરજી ફોર્મ ભરવાનું રહેશે, અધૂરી માહિતીવાળુ તેમજ છેકછાકવાળુ ફોર્મ રદ થવાને પાત્ર રહેશે. ઉમેદવાર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખે નિયત શૈક્ષણિક લાયકાત/અનુભવ/વય ધરાવતા હોવા જોઈએ. ઉમેદવારે અરજી ફોર્મ જમા કરાવ્યા બાદ પાછળથી કોઈપણ જાતના પ્રમાણપત્ર, પુરાવાઓ રજુ કરી શકશે નહીં. જો તેમ કરવામાં આવશે તો તે ગ્રાહય રાખવામાં આવશે નહીં અને અરજી રદ થવાને પાત્ર રહેશે. |

નોંધઃ– (૧) ➢ ઉપરોકત જગ્યાઓ માટે અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ સુધીમાં મળેલ અરજીઓ પૈકી ચકાસણી દરમ્યાન માન્ય થયેલ(વેલીડ થયેલ)અરજીઓના ઉમેદવારોને તા.૧૩/૦૪/૨૦૧૭ ના સમગ્ર પસંદગી સમિતિના નિયમોઅનુસારના અરજીઓનાં ઉમેદવારોને પ્રથમ તબકકામાં લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા માટે બોલાવવામાં આવશે.

➢ લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા માટે પ્રશ્નપત્રનું માળખું નીચે મુજબનું રહેશે.

| અ. નુ | પ્રશ્નપત્રની વિગત | ગુણ તથા પ્રશ્ન |
|---|---|---|
| ૧ | જગ્યાની નિયત લાયકાત વિષયક | ૬૫ |
| ૨ | સુરત મહાનગરપાલિકા વિષયક જાણકારી | ૧૦ |
| ૩ | સામાન્ય જ્ઞાન વિષયક | ૧૫ |
| ૪ | કમ્પ્યુટરની બેઝિક નોલેજ વિષયક | ૧૦ |
| | **કુલ ગુણ તથા પ્રશ્ન** | **૧૦૦** |

➢ લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા ઓ.એમ.આર શીટમાં MCQ પધ્ધતિથી લેવામાં આવશે.

➢ પ્રશ્નપત્રમાં ૧૦૦ પ્રશ્નો હશે અને પ્રત્યેક પ્રશ્ન એક (૧) ગુણનો રહેશે. ઉત્તરવહીની ચકાસણીમાં " માઈનસ પધ્ધતિ " નો ઉપયોગ કરવામાં આવશે નહી.

➢ પરીક્ષાનું માધ્યમ ગુજરાતી/અંગ્રેજી રહેશે.

➢ પરીક્ષાનો સમય ૧૨૦ મિનિટનો રહેશે.(બે કલાક)

➢ લેખિત સ્પર્ધાત્મક પરીક્ષામાં પાસિંગ માર્કસનું ધોરણ જનરલ કેટેગરી – ૫૦%નું રહેશે. અ.જા., અ.જ.જા., સા.શૈ.પ.વ., મહિલા ઉમેદવારો માટે–૪૫% તથા શારિરીક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારો માટે–૪૦% તથા સુરત મહાનગરપાલિકાના નિયમિત કર્મચારીઓ માટે –૪૫% તથા સુરત મહાનગરપાલિકાના નિયમીત કર્મચારીના આશ્રિત માટે–૪૫% નું રહેશે.

(૨) ઉપરોકત જગ્યાઓ માટેના ઉમેદવારોએ અર્થઘટન સમિતિ/ સ્ટાફ સીલેકશન સમિતિ નકકી કરે તે મુજબની લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા તથા કમ્પ્યુટર ટાઈપીંગ ટેસ્ટ/ પ્રેકટીકલ ટેસ્ટ આપવા માટે અર્થઘટન સમિતિ/ સ્ટાફ સીલેકશન સમિતિ જે જગ્યા સૂચવે તે જગ્યાએ પોતાના ખર્ચે પહોંચવાનું રહેશે.

(૩) જાહેરાતના ક્રમ નં.૧ માટે લેખિત પરીક્ષામાં ઉત્તિર્ણ થયેથી પરીક્ષામાં મેળવેલ માર્કસના ૧૦૦% ભારાંક રહેશે.તેને આધારે સૌથી વધુ મેળવેલ માર્કસના ઉમેદવારથી શરૂ કરી ઉતરતા ક્રમમાં મેરીટ લીસ્ટ તૈયાર કરવામાં આવશે.

જાહેરાતના ક્રમ નં.૨ માટે લેખિત પરીક્ષા અથવા પ્રેકટીકલ ટેસ્ટ લેવામાં આવશે. લેખિત સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલ માર્કસ તથા પ્રેકટીકલ ટેસ્ટમાં મેળવેલ માર્કસ તથા અનુભવના મેળવેલ માર્કસનો સરવાળો કરી તેને આધારે સૌથી વધુ મેળવેલ માર્કસ ના ઉમેદવારથી શરૂ કરી ઉતરતા ક્રમમાં મેરીટી લીસ્ટ તૈયાર કરવામાં આવશે.

અનુભવના માર્કસની ગણતરી માટે ૨ વર્ષથી વધુ સમયનો અનુભવ હોય તો ૨ વર્ષ બાદ કરતાં બાકી રહેલ વર્ષ દીઠ ૨ માર્કસ આપવામાં આવશે. પરંતુ મહત્તમ ૧૦ માર્કસ આપવામાં આવશે.

(૪) નોંધ નં.૩ માં જણાવ્યા મુજબ તૈયાર કરવામાં આવેલ મેરીટ લીસ્ટમાંથી આખરી પસંદગી યાદી / પ્રતિક્ષાયાદી તૈયાર કરતી વખતે જે તે સમયની રોસ્ટરની સ્થિતિને ધ્યાને લઈ નીચે મુજબની ગણતરી કરી પસંદગી/ પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવશે.

(૧) પ્રતિક્ષાયાદી તૈયાર કરતી વખતે જાહેરાતમાં જણાવેલ ખાલી જગ્યા......

(૨) જાહેરાતની તારીખથી પસંદગીના સમય દરમ્યાન ખાલી પડેલ કાયમી/હંગામી જગ્યા.......

(૩) જાહેરાતની તારીખથી પસંદગીના સમય સુધીમાં નવી ઉપસ્થિત કરવામાં આવેલ /આવનાર કાયમી/ હંગામી જગ્યાઓની કુલ એકત્રિત સંખ્યા.......

ઉપરોકત (૧)+ (૨) +(૩) ના સરવાળા કરતા બે ગણી પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવશે. પરંતુ મ્યુનિ. કમિશ્નરશ્રીને આ જગ્યા માટે ૨ ગણાથી વધુ ની પ્રતિક્ષાયાદી બનાવવાનું યોગ્ય જણાય તો કુલ

એકત્રિત જગ્યાના વધુમાં વધુ ૩ ગણી પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવશે.

આ તૈયાર થયેલ પ્રતિક્ષાયાદીની મુદત પ્રતિક્ષાયાદી પ્રસિધ્ધ કર્યા તારીખથી ર(બે) વર્ષની રહેશે.

(૫) ઉપલી વયમર્યાદા અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજની ગણવામાં આવશે. સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓને આ વયમર્યાદાના નિયમો લાગુ પડશે નહીં. અનામત કેટેગરી જેવી કે અ.જા., અ.જ.જા., સા.શૈ.પ.વર્ગ, શા.ખો.ખા. તથા મહિલા વિગેરે ઉમેદવારોને સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ઉપલી વયમર્યાદામાં છુટછાટ રહેશે. સુરત મહાનગરપાલિકા સિવાયના તમામ કેટેગરીના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છૂટછાટ સાથેની ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખે કોઈપણ સંજોગોમાં ૪૫ વર્ષ કરતાં વધવી જોઈએ નહીં.

(૬) ઉપરોકત ક્રમ નં. ૧ અને ૨ ની જગ્યા માટેના ઉમેદવારોએ CCC પરીક્ષા માસિક સાધારણ સભા ઠરાવ નં.૨૬૭/૨૦૦૮ તા. ૨૪–૦૩–૨૦૦૮ તથા સરકારશ્રી ધ્વારા વખતોવખતના નિયમોનુસારથી નિયત કર્યા મુજબની સંસ્થા ધ્વારા નિમણુંક થયેથી ૧(એક) વર્ષમાં પાસ કરવાની રહેશે. જેઓએ અગાઉથી આ પરીક્ષા પાસ કરી હોય અથવા સુરત મહાનગરપાલિકા ધ્વારા આપવામાં આવેલ ટ્રેનીંગ લીધી હોય તો તેઓએ અરજી સાથે પ્રમાણપત્ર રજુ કરવાનુ રહેશે. ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંકઃપરચ–૧૦૨૦૦૫–૧૫૩૨–પાર્ટ – ૩–ક, તા.૦૧/૦૪/૨૦૧૭ અનુસારની કોમ્પ્યુટર કક્ષાની વિવિધ લાયકાત ધરાવતા હોય તો તેવું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૭) ઉમેદવારે તેમની અરજી સાથે નીચે મુજબના પ્રમાણિત કરેલ પુરાવાઓ સામેલ કરવાના રહેશે.

(૧) ઉંમરના પુરાવા માટે શાળા છોડયાનું પ્રમાણપત્ર અને/અથવા માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દવારા અપાયેલ એસ.એસ.સી/ એચ.એસ.સી નું પ્રમાણપત્ર.

(૨) શૈક્ષણિક લાયકાત માટે માર્કશીટ, પ્રમાણપત્ર, ડીગ્રી સર્ટીફીકેટ, એટેમ્પ સર્ટીફીકેટ

(૩) ઉમેદવારોએ જાતિ અંગેના પુરાવા માટે ગુજરાત સરકારશ્રીના સક્ષમ અધિકારી ધ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર.

(૪) ઉમેદવાર સા.શૈ.પ.વ.ના હોય તો ઉન્નત વર્ગમાં સમાવિષ્ટ ન હોવા અંગેનું તા.૧–૪–૧૬ ના રોજ કે ત્યાર પછી મેળવેલ હોય તેવું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. અરજી સાથે આવું પ્રમાણપત્ર જોડેલ ન હશે તો અનામત અંગેના કોઈપણ લાભ મળવાપાત્ર થશે નહીં.

(૫) ઉમેદવાર જો વિકલાંગ હોય તો વિકલાંગતા અંગેનું સિવિલ સર્જનશ્રીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૬) અનુભવનું પ્રમાણપત્ર.

(૭) સુરત મહાનગરપાલિકા સિવાયના સરકારી, અર્ધસરકારી સંસ્થામાં ફરજ બજાવતા ઉમેદવારોએ 'ન વાંધા પ્રમાણપત્ર' રજુ કરવાનું રહેશે તથા ખાતાના વડાશ્રીના અભિપ્રાય સહિત અરજી સુરત મહાનગરપાલિકાને મોકલાવવાની રહેશે.

(૮) સુરત મહાનગરપાલિકાના અધિકારી/ કર્મચારીઓની અરજી ખાતા મારફત ઓફીસ સુપ્રિ.શ્રી મધ્યસ્થ કચેરીને મોકલાવવાની રહેશે.

(૯) સુરત મહાનગરપાલિકાની નોકરીમાં દાખલ થયા પછી વધુ અભ્યાસ કરી જે કોઈ પરીક્ષા પાસ કરી હોય તો પરવાનગી હુકમની નકલ બીડવી.

(૧૦) EPIC કાર્ડની નકલ

(૧૧) આધારકાર્ડની નકલ

(૮) સુરત મહાનગરપાલિકા સિવાયના સરકારી/અર્ધ સરકારી સંસ્થામાં ફરજ બજાવતા ઉમેદવારોએ ખાતાના વડા/વિભાગ ધ્વારા તેઓની છેલ્લા પાંચ વર્ષની કામગીરીનો તથા વર્તણુંક અંગેનો અહેવાલ, કોઈ શિક્ષાત્મક પગલા લેવામાં આવેલ હોય તો તેની વિગત રજુ કરવાની રહેશે. જયારે સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓની વિગત મધ્યસ્થ મહેકમ (રીકૃટમેન્ટ) વિભાગે મેળવવાની રહેશે.

(૯) આ જાહેરાત કોઈપણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સુરત મહાનગરપાલિકાની અર્થઘટન સમિતિ તથા સ્ટાફ સીલેકશન સમિતિને સંપુર્ણ હકક/અધિકાર રહેશે અને આ માટે કોઈ કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

(૧૦) માર્કશીટ, ડીગ્રી સર્ટીફીકેટમાં ગ્રેડ દર્શાવેલ હોય તો તેનું સમકક્ષ ટકામાં માન્ય યુનિવર્સીટીનું કન્વર્ઝન રજુ કરવાનું રહેશે.

(૧૧) મહિલા ઉમેદવાર જો અરજી કરતા સમયે પરણિત હોય તો અરજી સાથે મેરેજ રજીસ્ટ્રેશન સર્ટી અથવા ગર્વમેન્ટ ગેઝેટ રજુ કરી પોતાના પતિના નામ સાથે અરજી કરી શકશે, મહિલા ઉમેદવાર પરણિત હોય પરંતુ મેરેજ સર્ટી, ગર્વમેન્ટ ગેઝેટ રજુ ન કરી શકે તેવા ઉમેદવાર તથા અપરણિત મહિલા ઉમેદવારે પિતાના નામ સાથેની અરજી કરવાની રહેશે. મહિલા ઉમેદવારને સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર વયમર્યાદામાં છુટછાટ મળવાને પાત્ર રહેશે.

(૧૨) મહિલાઓ માટેની અનામત જગ્યાઓ માટે જે તે કેટેગરીમાં જો મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા તે કક્ષાના પુરૂષ ઉમેદવારોને ફાળવી શકાશે.

(૧૩) લેખિત, પ્રેકટીકલ, કે મૌખિક પરીક્ષા અંગેનો કાર્યક્રમ માન્ય થયેલ અરજીઓના ઉમેદવારોને અલગથી પત્ર ધ્વારા જણાવવામાં આવશે.

**(૧૪) નીચે દર્શાવેલ કારણોસર ઉમેદવાર(અરજદાર)ની અરજીઓ અસ્વીકારને પાત્ર ઠરશે.(રદ થવાને પાત્ર રહેશે)**

(૧) અરજીપત્રકમાં અરજી કરનારની સહી તેમજ અરજીપત્રકમાં ચોટાડેલ ફોટા ઉપર સહી કરેલ ન હોય (એક અગર બન્ને જગ્યાએ)

(૨) અરજીપત્રકમાં માજી સૈનિકની કેટેગરી દર્શાવી હશે પરંતુ ફરજનો સમયગાળો બતાવેલ ન હોય.

(૩) શારીરિક ખોડખાંપણ ટકાવારી અંગેનું સક્ષમ સત્તાનું પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય અથવા ટકાવારી દર્શાવેલી ન હોય અથવા ખોડખાંપણની ટકાવારી ૪૦ ટકાથી ઓછી દર્શાવેલ હોય.

(૪) અરજદારે અરજીપત્રકના કોલમ –૧૧ ની કેટેગરી પૈકી એકપણ કેટેગરી ન બતાવેલ હોય અથવા એકથી વધુ કેટેગરી બતાવેલ હોય જેમ કે SC/ST બન્ને અથવા ST/SEBC કે SC/SEBC કે GEN/SC કે GEN/ST બતાવેલ હોય.

(૫) જે તે કેડરની જગ્યા માટે નિયત કરેલ શૈક્ષણિક લાયકાત તેમજ પાસ કર્યાનું વર્ષ તથા કેટલામો પ્રયાસ બતાવેલ ન હોય

(૬) અરજદારે અરજીપત્રકના કોલમ નં.૧૦ માં જન્મ તારીખ બતાવી ન હોય, અધૂરી બતાવી હોય અથવા જન્મ તારીખમાં અવાસ્તવિક વર્ષ–માસ–દિવસ બતાવેલ હોય.

(૭) અરજદાર પી.આર.ઓ. નંબરની અરજી સ્વીકારવાની છેવટની તારીખે લઘુત્તમ વયમર્યાદા ૧૮ વર્ષની ધરાવતા ન હોય.

(૮) અરજદાર પી.આર.ઓ. નંબરની અરજી સ્વીકારવાની છેવટની તારીખે જે તે કેટેગરી માટે જેમ કે સામાન્ય, SC, ST, PH, SEBC પુરૂષ/મહિલા મહતમ મળવાપાત્ર ઉપલી વયમર્યાદાથી વધુ વય ધરાવતા હોય.

(૯) શારિરીક ખોડખાંપણની કેટેગરીના ઉમેદવાર ૪૦ ટકા કે તેથી વધુ શારિરીક ખોડખાંપણની ટકાવારી ધરાવતા હોવા છતાં તેઓને શારીરિક ખોડખાંપણના ઉમેદવાર તરીકે મળવાપાત્ર કેટેગરીવાઈઝ ઉપલી વયમર્યાદા કરતાં વધુ વયમર્યાદા અરજી સ્વીકારવાની છેવટની તારીખે ધરાવતા હોય.

(૧૦) માજી સૈનિક તરીકે મળવાપાત્ર કેટેગરીવાઈઝ વયમર્યાદાથી વધુ વય ધરાવતા હોય.

(૧૧) અરજીપત્રકમાં કેટેગરી કોલમ ૧૧(૩) માં સા.શૈ.પ.વ. તરીકે અરજી કરેલ હોય અને બિડાણ કાગળોના કોલમ–૧૧ માં ક્રિમીલેયર સર્ટીફીકેટની તારીખ ન આપેલ હોય અધૂરી દર્શાવેલ હોય અથવા ક્રિમીલેયર સર્ટીફીકેટની તારીખ જાહેરાતમાં જણાવ્યા મુજબ તા.૧–૪–૧૬ પહેલાનું રજુ કરેલ હોય તેવી ક્ષતિયુકત અને અધૂરી અરજી હોય.

(૧૨) નિયત મૂળ ફોર્મમાં અરજી કરી ન હોય.

(૧૩) મહિલા ઉમેદવારે પતિના નામ સાથેની અરજી કરેલ હોય પરંતુ મેરેજ રજીસ્ટ્રેશન સર્ટી કે ગર્વમેન્ટ ગેઝેટની નકલ રજુ કરેલ ન હોય.

(૧૪) અરજીમાં જણાવેલ તમામ વિગત માટેના માન્ય જરૂરી પ્રમાણિત પુરાવા સામેલ કરેલ ન હોય.

(૧૫) સુરત મહાનગરપાલિકાની નોકરીમાં દાખલ થયા પછી વધુ અભ્યાસ કરી કોઈ પરીક્ષા પાસ કરી હોય અને પરવાનગી હુકમની નકલ સામેલ કરેલ ન હોય.

(૧૫) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો રજુ કરાયેલ હોવાનું માલમ પડશે તો તેવી અરજી રદ થવાને પાત્ર રહેશે તેમજ આવા પુરાવા થકી નિમણુંક મેળવવામાં આવી હશે તો તે તાકીદની અસરથી રદ કરવામાં આવશે.

ઉપરોકત જાહેરાતના વર્ગ–૩ ની જગ્યાઓ માટેના અરજીનાં નિયત ફોર્મ સુરત મહાનગરપાલિકાનાં રેકર્ડ વિભાગ, નાનપુરા માર્કેટ, ભંડારીવાડ, સુરત તેમજ તમામ સીટી સીવીક સેન્ટરો ઉપરથી રજાનાં દિવસો સિવાય સવારનાં ૧૦–૩૦ થી બપોરે ૨–૩૦ તથા બપોરે ૩–૦૦ થી ૪–૩૦ વાગ્યા સુધીમાં રૂા.૨૫/– ની કિંમતે મળશે. ટપાલ મારફત અરજીફોર્મ મંગાવનારે આખરી મુદતના ઓફીસ કામકાજના ૬ દિવસ પહેલા પહોંચે તે રીતે "કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા" નાં નામનો રૂા.૨૫/– નો ક્રોસ્ડ ભારતીય પોસ્ટલ ઓર્ડર ૨૩ સે.મી. × ૧૦ સે.મી. ની સાઈઝનાં પોતાનાં સરનામાવાળા રૂા.૫/– ની ટપાલ ટીકીટ ચોંટાડેલ કવર સાથે રેકર્ડ વિભાગ, નાનપુરા માર્કેટ, ભંડારીવાડ, સુરતને મોકલવાનો રહેશે. પોસ્ટલ ઓર્ડર સિવાય તેમજ મુદત વિત્યા બાદ ટપાલથી અરજી ફોર્મ મંગાવવાની માંગણી ઉપર ધ્યાન આપવામાં આવશે નહીં. સુરત મહાનગરપાલિકા તરફથી પોસ્ટ કરવામાં આવેલ અરજીફોર્મ ટપાલથી અરજીફોર્મ મંગાવનારને નિયત સમયમાં ન મળે તો તે અંગેની જવાબદારી સુરત મહાનગરપાલિકાની રહેશે નહીં.

**નોંધઃ–(૧)**આ જાહેરાતના વર્ગ–૩ ની જગ્યાઓ માટેના વિના મૂલ્યે નિયત નમુનાના અરજી ફોર્મ સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in > Downloads > Forms પર ઉપલબ્ધ છે, ત્યાંથી ડાઉનલોડ કરી ફોર્મની સંપુર્ણ વિગતો ભરી જરૂરી પૂરાવા સામેલ કરી અરજી કરી શકાશે.

અરજી મોકલવાનું સરનામુ : – **ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી,(મધ્યસ્થ કચેરી)ની ઓફિસ, રૂમ નં. ૭૫, પહેલા માળે, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત.**

સહી/–એમ.થેન્નારસન
**મ્યુનિ. કમિશ્નર,**
**સુરત મહાનગરપાલિકા.**

નં.પીઆર.ઓ./૬૦૧ /૨૦૧૭–૨૦૧૮
તા.૦૯/૦૧/૨૦૧૮.